


A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

# NRG TIMES


CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

Azadi Ka Amrit Mahotsav

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. ઓગસ્ટ ૧૫, ૨૦૨૨ • શ્રાવણ વદ ૪ સંવત ૨૦૭૮


Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat



**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF

## રાજ્યવ્યાપી 'હર ઘર તિરંગા' અભિયાનનો સુરત ખાતેથી શુભારંભ કરાવતાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ



રાજ્યની ૮ મહાનગરપાલિકાઓમાં તા.૪થી ૧૨ ઓગષ્ટ દરમિયાન યોજાયેલ રાજ્યવ્યાપી 'તિરંગા પદયાત્રા'નો સુરત મહાનગરથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે શુભારંભ કરાવતા જણાવ્યું હતું કે, દેશની એકતા, અખંડિતતા અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના પ્રતિક તિરંગાને દેશના તમામ ઘરોમાં લહેરાવવાના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા આહ્વાનને રાજ્ય સરકાર ઝીલી લઈને રાજ્યના એક કરોડ ઘરો પર તિરંગો લહેરાવવા સંકલ્પબદ્ધ છે. તેઓશ્રીએ સુરત મહાનગરપાલિકા દ્વારા આઝાદીના ૭૫ વર્ષના અવસરે રાષ્ટ્રભાવના સાથે ઉજવણી અંતર્ગત 'હર ઘર તિરંગા' અભિયાનના ભાગરૂપે પીપલોદ ખાતે આયોજિત 'તિરંગા પદયાત્રા'ને તિરંગો લહેરાવી પ્રસ્થાન કરાવ્યું હતું. સાથોસાથ મુખ્યમંત્રીશ્રી તિરંગા પદયાત્રામાં શહેરીજનો સાથે પગપાળા ચાલીને સહભાગી થયા હતા. સુરતમાં વસેલા વિવિધ રાજ્યના સાંસ્કૃતિક ગ્રુપો અને તેમની નૃત્ય પ્રસ્તુતિઓ લોકોના આકર્ષણનું કેન્દ્ર બની હતી.

(Source : https://cmogujarat.gov.in)

## નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સીલની બેઠકમાં સહભાગી થતા મુખ્યમંત્રીશ્રી



વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં યોજાયેલી નીતિ આયોગની સાતમી ગવર્નિંગ કાઉન્સીલની બેઠકમાં મુખ્યમંત્રીશ્રી સહભાગી થયા હતા અને રાજ્યની પ્રભાવક વિકાસ ગાથા પ્રસ્તુત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ખાસ કરીને સુશાસન, શહેરી વિકાસ અને કૃષિ વિકાસ તથા શિક્ષણ ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિઓ અને અગ્રેસરતાનું વિવરણ બેઠકમાં ઉપસ્થિત અન્ય રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ, કેન્દ્રીય મંત્રીશ્રીઓ અને નીતિ આયોગના સદસ્યો સમક્ષ કર્યું હતું.

(Source : https://cmogujarat.gov.in)

## ગુજરાતનું ગૌરવ: સુરતે ૧૦ કરોડથી વધારે તિરંગા બનાવ્યા

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૧૩થી ૧૫ ઓગસ્ટ 'હર ઘર તિરંગા' લહેરાવવાનું સરકારનું આયોજન છે. સુરતે ૧૦ કરોડથી વધારે તિરંગા બનાવ્યા છે જેમાં પાંચ કરોડ મીટર કાપડ વપરાયું છે અને બે લાખ લોકોને રોજગારી મળી છે જેમાં સૌથી વધારે મહિલાઓનો સમાવેશ થાય છે. આ તિરંગા દેશના ખૂણે ખૂણે મોકલવામાં આવ્યા છે. કાપડ મંત્રાલયના ઓર્ડરને સુરતે ૩૫ દિવસમાં પૂરો કર્યો હતો. પહેલા કોટન અથવા ખાદીમાંથી બનાવેલા તિરંગાનો ઉપયોગ કરવાનો નિયમ હતો પરંતુ ૨૦૨૨માં સરકાર દ્વારા નિયમમાં ફેરફાર કરવામાં આવ્યો છે અને હવે પોલીએસ્ટરમાંથી પણ બનાવી શકાય છે. સુરતમાં પોલીએસ્ટરમાંથી તિરંગા બનાવવામાં આવ્યા છે.

(સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૨.૮.૨૦૨૨)


Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR PRIVATE CIRCULATION ONLY

NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY
વૈશ્વિક ગુજરાત
Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)

## શિકાગો ગુજરાતી સમાજ દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી




અમેરિકાના શિકાગોમાં ગુજરાતી સમાજના ઉપક્રમે ૬ઠ્ઠી ઓગસ્ટ ૨૦૨૨ના રોજ 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી. ડુપેજ ઇવેન્ટ સેન્ટર મેળાના મેદાનમાં ૭ સ્ટાર જૂથ દ્વારા લાઈવ કોન્સર્ટ સાથે ફન ફેર ઈન્ડિયા ફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. શિકાગોના ગાયકો દ્વારા આઝાદીના ગીતો ગવાયા હતા. ૪૦૦થી વધુ સભ્યો અને આમંત્રિત મહેમાનોએ કાર્યક્રમ માણ્યો હતો. કાર્યક્રમમાં ફેશન શો અને ઇનામી રાફેલ ડ્રો ઉપરાંત બાળકો માટેની રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. (Source : www.akilanews.com)

## ગુજરાતી સેન સમાજ શાજાપુર દ્વારા તિરંગા રેલી યોજાઇ



આઝાદીના ૭૫મા અમૃત મહોત્સવ નિમિત્તે 'હર ઘર તિરંગા' અભિયાન અંગે જનજાગૃતિ માટે મંડી વેપારી મંડળ અને ગુજરાતી સેન સમાજ શાજાપુર (મધ્યપ્રદેશ) દ્વારા તિરંગા રેલી કાઢવામાં આવી હતી જેમાં સેંકડો બાઇક સવાર વેપારીઓ અને સમાજના લોકોએ શહેરીજનોને ઘરે-ઘરે તિરંગો લહેરાવવાની અપીલ કરી હતી. ગુજરાતી સેન સમાજ ધર્મશાળામાં પહેલા ભારત માતાની આરતી કરવામાં આવી હતી અને શ્રીગણેશ અને સંત શિરોમણી સેનજી મહારાજની પૂજા કરવામાં આવી હતી. બપોરે ધર્મશાળાથી બેન્ડ-બાજા સાથે તિરંગા રેલીનો પ્રારંભ થયો હતો. (Source : www.bhaskar.com)

## સર્વ ગુજરાતી સમાજ છત્તીસગઢના પ્રદેશ અધ્યક્ષ પ્રિતેશ ગાંધીની કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશ સાથે મુલાકાત



છત્તીસગઢ રાજ્યનો ધમતરી જિલ્લો ધાન્ય મિલિંગ માટે મહત્વપૂર્ણ જિલ્લો છે. અહીંના વેપારીઓ અને નાગરિકોની રેલવે યાર્ડ અને રેક પોઈન્ટની માંગણીની રજૂઆત માટે સર્વ ગુજરાતી સમાજ છત્તીસગઢના પ્રદેશ પ્રમુખ પ્રિતેશ ગાંધી કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રીશ્રી ડૉ. દર્શનાબેન જરદોશને મળ્યા હતા. સાથે તેઓએ બસ્તર ઝોનની પ્રખ્યાત ડોકરા કલા તેમને ભેટ કરી હતી. માંગ પત્રની નોંધ લેતા કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રીશ્રીએ જરૂરી કાર્યવાહી માટે રેલવે વિભાગના અધિકારીઓને માંગ પત્ર મોકલ્યો હતો. (Source : https://jantaserishta.com)

## વિદેશી ધરતી પર લહેરાઈ મહેર સમાજની સંસ્કૃતિ







યુકેના લેસ્ટરમાં થોડા દિવસો પહેલાં મહેર સમાજ દ્વારા લીરબાઈ આઈની રથયાત્રાનું આયોજન કરાયું હતું જેમાં મોટી સંખ્યામાં મહેર સમાજના લોકોએ ભાગ લીધો હતો. રથયાત્રા દરમિયાન પોતાની સંસ્કૃતિ જાળવી રાખવાના આશયથી મહેર સમાજના આશરે ૫૦૦ સ્ત્રી-પુરુષો પોતાના ટ્રેડિશનલ વેશ પહેરીને આવ્યા હતા. લેસ્ટરમાં આવેલા મંદિરમાં લીરબાઈ આઈ અને પુતીઆઈની સ્થાપના કરી મહેર સેન્ટરમાં ભજન, દર્શન અને જમવાનું આયોજન કરાયું હતું. (Source : www.divyabhaskar.co.in)

## કોમનવેલ્થમાં હરમીત દેસાઇએ ભારતને ગોલ્ડ અપાવ્યો




કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય મેન્સ ટેબલ ટેનિસ ટીમ હરમીત દેસાઈ અને જી સાથિયાને ટેબલ ટેનિસની ફાઈનલમાં સિંગાપોરને પરાજય આપીને ગોલ્ડ પોતાને નામે કરી લીધો હતો. પુરુષ ટેબલ ટેનિસની ટીમમાં સામેલ સુરતના હરમીત દેસાઈનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. હરમીતે સાડા પાંચ વર્ષની ઉંમરે ટેબલ ટેનિસ રમવાની શરૂઆત કરી હતી. બે-અઢી વર્ષમાં તો તે સ્ટેટ અને પછી નેશનલ લેવલે ઝળકવા લાગ્યો હતો. ૧૪ વર્ષ સુધી તેના પિતા તેના કોચ હતા. હરમિતને ઇન્ટરનેશનલ લેવલની સ્પર્ધામાં સૌથી પહેલા ૧૫ વર્ષની ઉંમરે સ્વીડન જવાની તક મળી બાદમાં ત્યાંથી આંતરરાષ્ટ્રીય તાલીમ મળવાની શરૂઆત થઈ. અત્યાર સુધીમાં ૧૫૦થી વધુ મેડલ તેણે મેળવ્યા છે. ખેલજગતમાં રફાલ નડાલ હરમીતનો આદર્શ છે. (Source : www.vtvgujarati.com)

## રૂપાલી દેસાઇની યુએસ કોર્ટ ઓફ અપીલ્સમાં નિમણૂક



યુએસ સેનેટે ભારતીય-અમેરિકન વકીલ રૂપાલી દેસાઈની નવમી સર્કિટ માટે યુએસ કોર્ટ ઓફ અપીલ્સમાં નિમણૂક કરી છે. આ સાથે તેઓ મહત્વની કોર્ટમાં જજ તરીકે નિયુક્ત થનાર દક્ષિણ એશિયાઈ મૂળના પ્રથમ જજ બન્યા છે. ડેમોક્રેટિક પાર્ટી અને રિપબ્લિકન પાર્ટી - બંને યુએસ પક્ષોના ૬૭ ધારાસભ્યોએ દેસાઈની તરફેણમાં મતદાન કર્યું હતું, જ્યારે ૨૯ સભ્યોએ તેમની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. નવમી સર્કિટનું મુખ્ય મથક સાનફ્રાન્સિસ્કો, કેલિફોર્નિયામાં છે. તે દેશની ૧૩ અપીલ કોર્ટમાં સૌથી મોટી છે. દેસાઈને વકીલ તરીકેના ૧૬ વર્ષનો અનુભવ છે. તેઓ કોપ્સમિથ બ્રોકલમેનમાં ભાગીદાર છે, જ્યાં તે ૨૦૦૭થી કાયદાની પ્રેક્ટિસ કરી રહ્યા છે. (Source : www.akilanews.com)

# જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવાની અને દાતાઓને પ્રોત્સાહન આપવાની 'વતન પ્રેમ યોજના'

ગુજરાત સરકાર દ્વારા તા. ૧૮/૦૮/૨૦૨૦ના ઠરાવથી જિલ્લા, રાજ્ય કે દેશ બહાર વસતા કોઈ પણ દાતા અથવા ગામના વ્યક્તિના દાન અને રાજ્ય સરકારશ્રીના અનુદાનથી ગામડાઓમાં વધુ સારી સગવડો ઉભી કરવા અને દાતાઓને પ્રોત્સાહન આપવા માટે 'માદરે વતન યોજના' અમલમાં મૂકવામાં આવી હતી.

ગુજરાતના ગામડાઓના સર્વાંગી વિકાસ કાર્યો અને ઉત્તમ જનસુવિધાઓ થકી વતન પ્રેમીઓને જન્મભૂમિ, માતૃભૂમિનું ઋણ ચૂકવવાની ઉત્તમ તક આપવા જન હિત વિકાસ કાર્યોમાં જન ભાગીદારીના સૌથી મોટા અભિયાન તરીકે આ યોજના રાજ્ય સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવી હતી. આ યોજના દ્વારા સરકાર, દાતાઓ તેમજ ગામના લોકો વચ્ચે જન કલ્યાણ - વિકાસકીય ત્રિવેણી સંગમ થકી ગામમાં સુવિધાઓ વધારી ગામને વધુ જીવંત બનાવવાની કલ્યાણકારી ભાવના સાથે અમલમાં મુકવામાં આવી હતી. આ યોજનાનો વ્યાપ અને અગત્યતા ધ્યાને લઈને યોજનાના વધુ અસરકારક અમલ માટે મૂળ યોજનામાં જરૂરી સુધારા-વધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે યોજનાની મૂળ જોગવાઇઓમાં ફેરફાર કરીને નીચેની જોગવાઇઓને આધીન રહીને અમલીકરણ કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

(૧) આ યોજનાનું નામ 'વતન પ્રેમ યોજના' રહેશે.

(૨) યોજના હેઠળ લઈ શકાય તેવા કામોની સૂચિઃ

૧. શાળાના ઓરડા અથવા સ્માર્ટ કલાસ
૨. કોમ્યુનિટી હોલ
૩. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (આરોગ્ય વિભાગ દ્વારા સેટ અપ મંજૂર થયેલ હોવું જોઈએ) - પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન
૪. આંગણવાડી - મધ્યાહન ભોજનનું રસોડુ - સ્ટોરરૂમ
૫. પુસ્તકાલય
૬. રમતગમત માટે વ્યાયામ શાળાનું મકાન અને સાધનો.
૭. સી.સી.ટી.વી. કેમેરા સર્વેલન્સ સિસ્ટમ
૮. સ્મશાનગૃહ
૯. વોટર રીસાયકલીંગની વ્યવસ્થા તથા ગટર/STP ઇત્યાદી
૧૦. તળાવ બ્યુટીફીકેશન
૧૧. એસ.ટી.સ્ટેન્ડ
૧૨. સોલર એનર્જી સ્ટ્રીટલાઇટ અને પાણીના ટ્યુબવેલ-કુવાની-પાણીની ટાંકીની મોટર ચલાવવા માટે

(૩) ઉપરોકત કામોના નિયત ખર્ચ પૈકી દાતા/દાતાઓ પોતાના ગામમાં ૬૦ ટકા કે તેથી વધુ રકમનું દાન આપીને કામ કરાવી શકશે. દાતાના રકમની સામે ખૂટતી ૪૦ ટકા રકમનું રાજ્ય સરકાર અનુદાન કરશે.

(૪) આ યોજનાના અસરકારક અમલીકરણ માટે 'વતન પ્રેમ યોજના સોસાયટી'ની રચના કરાવાની રહેશે. આ સોસાયટી અંતર્ગત ગવર્નિંગ બોડી અને કારોબારી સમિતિ રહેશે. માન. મુખ્યમંત્રીશ્રી આ સોસાયટીની ગવર્નિંગ બોડીના અધ્યક્ષ રહેશે જ્યારે માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત) તેના ઉપાધ્યક્ષ રહેશે. અધિક મુખ્ય સચિવશ્રી (પંચાયત) કારોબારી સમિતિના ચેરમેન રહેશે.

(૫) આ યોજનાના કામો કરવા માટે 'વતન પ્રેમ સોસાયટી' દ્વારા Project Management Unit (PMU) ની રચના કરવામાં આવશે. PMU દ્વારા આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વેબ પોર્ટલ અને મોબાઈલ એપ તૈયાર કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા દાતાઓના દાનની રકમ તથા સરકારની અનુદાનની રકમ યોજના માટે ખોલાવેલ અલગ એકાઉન્ટમાં જમા થશે. આ રકમ જમા થયા પછી જે તે કામ પાછળ ખર્ચ કરી શકાશે. કોઈ પણ શિડ્યુલ બેન્કની મદદથી પોર્ટલ ખુલશે, પોર્ટલ ઉપર કામોની વિગત, કામની ટાઈપ ડિઝાઈન, કામના અંદાજ દર્શાવવામાં આવશે જેથી દાતાને દાન આપવા માટે તમામ માહિતી મળી શકે અને સુવિધા રહે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.
આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.

# ગુજરાતમાં સ્વાતંત્ર્યસંગ્રામ

75



ગુજરાતમાં રાષ્ટ્રીય જાગૃતિ માટેની પ્રવૃત્તિઓ ઓગણીસમી સદીમાં શરૂ થઈ. કવિ નર્મદે ગુજરાતમાં દેશભક્તિની જ્યોત જગાવી. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈના ‘સ્વતંત્રતા’ નામના અખબારે દેશભક્તિનો પ્રચાર કર્યો. દાદાભાઈ નવરોજીએ મુંબઈ અને ગુજરાતમાં આર્થિક તથા રાજકીય ક્ષેત્રે પ્રજાને જાગ્રત કરી. ૧૮૭૧માં સૂરત તથા ભરૂચમાં અને ૧૮૭૨માં અમદાવાદમાં ‘પ્રજાસમાજ’ નામની રાજકીય સંસ્થા સ્થપાઈ. ૧૮૮૨માં ડૉ. હરિ હર્ષદ ધ્રુવ અને ઊકાભાઈ પરભુદાસે ‘પ્રજાહિતવર્ધક સભા’ સ્થાપી. ૧૮૮૪માં અમદાવાદમાં ‘ગુજરાત સભા’ની સ્થાપના કરવામાં આવી. તેના આગેવાનો રમણભાઈ નીલકંઠ, ડૉ. બેન્જામિન, હરિલાલ દેસાઈ તથા વકીલ ગોવિંદરાવ પાટીલ હતા. તે સભા અરજીઓ દ્વારા લોકોના પ્રશ્નો પ્રત્યે સરકારનું ધ્યાન દોરતી. ગુજરાતમાં સ્વદેશીનો પ્રચાર ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી શરૂ થયો. ૧૮૭૬માં અંબાલાલ સાકરલાલ દેસાઈએ અમદાવાદમાં સ્વદેશી ઉદ્યોગવર્ધક મંડળી સ્થાપી. તેના અન્ય આગેવાનો રણછોડલાલ છોટાલાલ, પ્રેમાભાઈ હિમાભાઈ, મણિભાઈ જશભાઈ વગેરે હતા. ૧૮૮૫ના ડિસેમ્બરમાં મુંબઈમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપના કરવામાં ગુજરાતીઓએ મુખ્ય ભાગ ભજવ્યો. મહાસભાનું પ્રથમ અધિવેશન મુંબઈમાં ગુજરાતી સંસ્થા ગોકળદાસ તેજપાલ સંસ્કૃત પાઠશાળાના મકાનમાં મળ્યું. તેમાં સૂરતના ૬, અમદાવાદના ૩, વીરમગામના ૧ તથા મુંબઈના ૧૮માંથી મોટાભાગના પ્રતિનિધિઓ ગુજરાતી હતા. કાગ્રેસમાં આગેવાન ગુજરાતીઓ દાદાભાઈ નવરોજી, ફિરોજશાહ મહેતા, દિનશા વાચ્છા, ડૉ. હરિ હર્ષદ ધ્રુવ, અંબાલાલ સાકરલાલ દેસાઈ વગેરે હતા. ૧૯૦૨માં અમદાવાદમાં કૉંગ્રેસનું અધિવેશન ભરાયું તે ગુજરાત સભાને આભારી હતું. તેની સ્વાગત સમિતિના પ્રમુખ અંબાલાલ સાકરલાલ દેસાઈ હતા. આ અધિવેશને અમદાવાદની જનતામાં રાષ્ટ્રીય જાગૃતિનો સંચાર કર્યો.

૧૯૦૩માં અમદાવાદમાં સ્વદેશી વસ્તુ સંરક્ષક મંડળી દ્વારા સ્વદેશી ચળવળને વેગ આપવામાં આવ્યો. બંગાળમાં ૧૯૦૫માં સ્વદેશીની ચળવળ શરૂ થયા બાદ ‘સ્વદેશી મિત્રમંડળ’ સ્થાપવામાં આવ્યું, તેણે ‘સ્વદેશી કીર્તનસંગ્રહ’ પ્રગટ કર્યો. ૧૯૦૬માં અમદાવાદમાં ગાંધી માર્ગ પરના એક મકાનમાં સ્વદેશીની ચળવળ અંગે ભરાયેલી સભામાં, આશરે ૫૦ વિદ્યાર્થીઓમાં બંગાળીઓ પણ હતા. તેમાં પ્રથમ વાર ‘વંદે માતરમ્’ ગીતનું ગુજરાતી રૂપાંતર ગાવામાં આવ્યું. ૧૯૦૯માં સ્વદેશી મિત્રમંડળે અમદાવાદમાં સ્વદેશી સ્ટોર શરૂ કર્યો. તેનું સંચાલન કૃપાશંકર પંડિત કરતા હતા. ૧૯૦૭માં સૂરતમાં કૉંગ્રેસનું અધિવેશન મળ્યું ત્યારે ત્રિભોવનદાસ માળવી સ્વાગત સમિતિના પ્રમુખ હતા. તેમાં વડોદરાના પ્રોફેસર ટી. કે. ગજ્જરે મવાળ અને જહાલ જૂથ એક થાય તે માટે પ્રયાસો કર્યા હતા.

ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની પ્રેરણા વડોદરાની કૉલેજના પ્રોફેસર અરવિંદ ઘોષ પાસેથી મળી. આ સમયે કચ્છી-ગુજરાતી શ્યામજી કૃષ્ણવર્માએ ૧૯૦૫માં લંડનમાં ‘ધી ઇન્ડિયન સોશિયોલૉજિસ્ટ’ નામનું માસિક શરૂ કરીને તથા ‘ધી ઇન્ડિયન હોમરૂલ સોસાયટી’ સ્થાપીને ભારતની સ્વતંત્રતા માટે ક્રાંતિકારી પ્રવૃત્તિનો પ્રચાર કરવા માંડ્યો. લીંબડીના સરદારસિંહ રાણા તથા માદામ ભિખાઈજી કામા પણ પૅરિસમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓનો પ્રચાર કરતાં હતાં. ખેડા જિલ્લાના નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલે બંગાળી પુસ્તક ‘મુક્તિ કૌન પથેર’નો ગુજરાતીમાં અનુવાદ કરી ‘વનસ્પતિની દવાઓ’, ‘યદુકુળનો ઇતિહાસ’ વગેરે નામે પ્રગટ કરી, તેમાં બૉમ્બ બનાવવાની રીતો વર્ણવી. કઠલાલના મોહનલાલ કામેશ્વર પંડ્યા અને વકીલ પૂંજાભાઈ ભટ્ટ, વલભીપુરના બેચરદાસ પંડિત, મક્ધાજી દેસાઈ, કૃપાશંકર પંડિત વગેરે આ પ્રવૃત્તિમાં સક્રિય હતા. ૧૩ નવેમ્બર, ૧૯૦૯ના રોજ અમદાવાદમાં રાયપુર દરવાજા બહારથી જતી વાઇસરૉય લૉર્ડ મિન્ટોની બગી ઉપર બે બૉમ્બ નાખવામાં આવ્યા.

તેમાં બેઠેલાં લૉર્ડ અને લેડી મિન્ટો બચી ગયાં; પરંતુ પાછળથી થયેલા બૉમ્બના ધડાકાથી એક સફાઈ કામદાર મરણ પામ્યો. આ બનાવ સાથે સંકળાયેલા ક્રાંતિકારીઓને પકડવામાં સરકારને નિષ્ફળતા મળી. ૧૯૦૯માં અમદાવાદમાં એક દરજીના મકાનમાં બૉમ્બ ફૂટ્યો હતો. ૧૯૩૩માં અમદાવાદમાં બે વિદેશી કાપડની દુકાનો ઉડાવી દેવા એકઠા કરેલા રાસાયણિક પદાર્થો એક મકાનમાંથી મળી આવ્યા હતા.



**૧૮૪૮માં ગુજરાત વિદ્યાસભા અને ૧૮૫૧માં બુદ્ધિવર્ધક સભાની સ્થાપના**

**૧૮૮૫ના ડિસેમ્બરમાં મુંબઈમાં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપનામાં ગુજરાતીઓની પ્રમુખ ભૂમિકા**

અમદાવાદમાં થિયૉસૉફિસ્ટ મગનભાઈ ચતુરભાઈ પટેલે ઑક્ટોબર, ૧૯૧૬માં એની બેસન્ટની હોમરૂલ લીગની શાખા સ્થાપી. નડિયાદ, સૂરત, ઉમરેઠ, ભરૂચ, ગોધરા વગેરે સ્થળોએ હોમરૂલ લીગની શાખાઓ સ્થાપવામાં આવી. ખેડા જિલ્લામાં હોમરૂલ લીગની ૮૬ શાખાઓ સ્થપાઈ હતી. અમદાવાદની આસપાસનાં ગામોમાં હોમરૂલ(સ્વરાજ)નો પ્રચાર કરવા સભાઓ યોજવામાં આવી હતી. ગુજરાતમાં હોમરૂલનો પ્રચાર કરવા મુંબઈથી 'બૉમ્બે ક્રૉનિકલ'ના તંત્રી બી. જી. હૉર્નિમૅન, જમનાદાસ દ્વારકાદાસ, કનૈયાલાલ મુનશી વગેરે નેતાઓ ગુજરાતનાં શહેરોમાં જઈને ભાષણો કરતા. એની બેસન્ટે ફેબ્રુઆરી–માર્ચ, ૧૯૧૮માં ગુજરાતનો પ્રવાસ ખેડી ભાવનગર, અમદાવાદ અને ભરૂચમાં સભાઓ યોજી પ્રચાર કર્યો હતો. મુંબઈમાં જમનાદાસ દ્વારકાદાસ, કનૈયાલાલ મુનશી, ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યા, શંકરલાલ બૅંકર, મનસુખરામ માસ્તર, રતનજી શેઠ વગેરે ગુજરાતીઓ હોમરૂલ લીગના અગ્રણીઓ હતા. આ ચળવળ દરમિયાન ગુજરાતના લોકોમાં રાજકીય જાગૃતિ આવી.

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ૧૯૧૫માં ભારત આવ્યા અને ૧૯૧૫ના મેની ૨૫મીએ અમદાવાદમાં કોચરબમાં બૅરિસ્ટર જીવણલાલનો બંગલો ભાડે રાખી સત્યાગ્રહાશ્રમની સ્થાપના કરી. વીરમગામ જંક્શને જકાત વગેરેની તપાસમાં મુસાફરોને ત્રાસ વેઠવો પડતો. ગાંધીજીએ તે અંગે સરકારને લખ્યું. વાઇસરૉય ચેમ્સફર્ડને વીરમગામની જકાતબારીની પ્રજાની હાડમારી અંગે વાત કરી. સરકારે એ જકાત રદ કરી.

૧૯૧૭માં ખેડા જિલ્લામાં અતિવૃષ્ટિને કારણે પાક નિષ્ફળ જવા છતાં અધિકારીઓએ ખેડૂતોનું મહેસૂલ માફ કર્યું નહિ. છ આની પાક થાય તો અર્ધું મહેસૂલ અને ચાર આની પાક થાય તો પૂરું મહેસૂલ મુલતવી રાખવાનો નિયમ હતો. તે વરસે ૬૦૦ ગામોમાંથી એક જ ગામનું આખું અને ૧૦૪ ગામોનું અર્ધું મહેસૂલ અધિકારીઓએ મુલતવી રાખ્યું. ગાંધીજી ચંપારણથી આવ્યા બાદ જિલ્લાના કાર્યકરો તેમને મળ્યા. ગાંધીજીએ કાર્યકરોને પાકની માહિતી લેવા મોકલ્યા. ગાંધીજીએ અને વલ્લભભાઈએ પણ ત્રીસ-ત્રીસ ગામોની તપાસ કરી. આમ ૪૨૫ ગામોની તપાસના હેવાલો પરથી ગાંધીજીએ કલેક્ટરને પત્ર લખી જે ગામોમાં ચાર આનીથી ઓછો પાક હોય ત્યાં મહેસૂલ મુલતવી રાખવા માગણી કરી. પરંતુ અમલદારો જીદે ચડ્યા હોવાથી લડત શરૂ કરવી પડી. નડિયાદમાં ખેડૂતોની સભામાં ગાંધીજીએ સત્યાગ્રહની અનિવાર્યતા, તે માટે લેવાની પ્રતિજ્ઞા, જાનમાલનું જોખમ, જેલમાં જવાની તૈયારી વગેરે બાબતો સમજાવી. ગાંધીજી, વલ્લભભાઈ તથા જિલ્લાના કાર્યકરોએ ખેડૂતોનો જુસ્સો જાળવી રાખ્યો. સરકારની ધમકીઓ, જપ્તીઓ તથા જુલમ સામે ખેડૂતો અણનમ રહ્યા. શંકરલાલ પરીખની જમીનનું મહેસૂલ તેમના ખેડૂતે તેમને પૂછ્યા વિના ભરી દેવાથી એ જમીન શંકરલાલે સાર્વજનિક ઉપયોગ માટે આપી દીધી. માતર તાલુકાના નવાગામમાં ખાલસા કરેલાં ખેતરોમાંના એક ખેતરનો નોટિસમાં ઉલ્લેખ ન હતો. ગાંધીજીની સલાહ મુજબ તેમાંનો ડુંગળીનો પાક ઉતારી લેવા ગયેલ મોહનલાલ પંડ્યા અને ખેડૂતોની પોલીસે ધરપકડ કરી. તેમને જેલની સજા કરવામાં આવી. સજા પૂરી થયા બાદ લોકોએ તેમનું સન્માન કરી મોહનલાલ પંડ્યાને 'ડુંગળીચોર'નો ખિતાબ આપ્યો. છેવટે સુખી ખેડૂતો મહેસૂલ ભરે તો ગરીબ ખેડૂતોનું મહેસૂલ મુલતવી રાખવાની શરતે સમાધાન થયું. આ લડતથી ખેડૂતોમાં જાગૃતિ અને નીડરતા આવ્યાં તથા લોકોને વલ્લભભાઈ જેવા મહાન નેતા મળ્યા.

પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થયા બાદ, હિંદ સંરક્ષણ ધારાની મુદત પૂરી થતી હોવાથી ક્રાંતિકારી ચળવળને દબાવી દેવા માટેની સત્તા હાથ ધરવા સરકારે ૧૯૧૯માં રૉલેટ કાયદા પસાર કર્યા. આ 'કાળા કાયદા' વિરુદ્ધ લોકમત કેળવીને ગાંધીજીએ ૩૦ માર્ચના રોજ પ્રાર્થના, ઉપવાસ અને હડતાળ પાડવાનો લોકોને અનુરોધ કર્યો. પાછળથી તે તારીખ બદલીને ૬ એપ્રિલ નક્કી કરવામાં આવી. ગુજરાતમાં ૬ એપ્રિલના દિવસે અમદાવાદ અને નડિયાદમાં હડતાળ પડી. અમદાવાદ, સૂરત, અમલસાડ તથા નડિયાદમાં સરઘસો કાઢીને સભાઓમાં રૉલેટ કાયદાનો વિરોધ કરતાં ભાષણો તથા ઠરાવો કરવામાં આવ્યાં. ૧૦ એપ્રિલના રોજ ગાંધીજીની ધરપકડના સમાચાર અને અનસૂયાબહેન સારાભાઈની ધરપકડની અફવા અમદાવાદમાં ફેલાવાથી મિલમજૂરોએ હડતાળ પાડીને દુકાનો બંધ કરાવી. બીજે દિવસે લોકોનાં ટોળાંએ સરકારી અને મ્યુનિસિપાલિટીનાં મકાનોનો નાશ કર્યો. એક યુરોપિયન સાર્જન્ટને મારી નાખ્યો. શહેરમાં લશ્કર બોલાવવા છતાં આગના બનાવો ચાલુ રહ્યા. ગોળીબારથી ૨૮ માણસો મરણ પામ્યા અને ૧૨૩થી વધારે ઘવાયા. વીરમગામમાં લોકોનાં ટોળાંએ સરકારી મકાનોને આગ લગાડી. પોલીસના ગોળીબારમાં છ માણસો માર્યા જવાથી ગોળીબારનો હુકમ આપનાર હિંદી અધિકારીને સળગાવી દીધો. લોકોએ રેલવેનાં વૅગનો અને સરકારી તિજોરીમાં લૂંટ કરી. મુંબઈથી ગોરા લશ્કરની ટ્રેનને અમદાવાદ જતી અટકાવવા નડિયાદના યુવાનોએ રેલના પાટા ઉખાડી નાખ્યા. આણંદમાં ૧૩ એપ્રિલે લોકોએ હડતાળ પાડી, અંગ્રેજ સ્ટેશન માસ્તર તથા વેન્ડરનાં મકાનો બાળી નાખ્યાં. ગાંધીજીએ અમદાવાદ આવી, હિંસાના પ્રાયશ્ચિત્તરૂપે ત્રણ દિવસના ઉપવાસ કરી, શાંતિ સ્થાપી. ગાંધીજી નડિયાદ ગયા. ત્યાં તેમને લાગ્યું કે લોકોને કાયદાનો સવિનયભંગ કરવા નોતરવામાં ઉતાવળ કરી તે 'હિમાલય જેવડી ભૂલ' હતી. સરકારે મિ. હંટરના અધ્યક્ષપદે ડિસઑર્ડર ઇન્ક્વાયરી કમિટી નીમીને તોફાનોની તપાસ કરાવી.

૧૯૧૯માં ગાંધીજીએ 'નવજીવન' તથા 'યંગ ઇન્ડિયા' સાપ્તાહિકો પ્રગટ કરીને પ્રજાને સત્યાગ્રહની તાલીમ આપવા માંડી.



**ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની પ્રેરણા વડોદરાની કૉલેજના પ્રો. અરવિંદ ઘોષ પાસેથી મળી.**

**શ્યામજી કૃષ્ણવર્માએ ૧૯૦૫માં લંડનમાં 'ધી ઇન્ડિયન સોશિયોલૉજિસ્ટ' નામનું માસિક શરૂ કરી 'ધી ઇન્ડિયન હોમરૂલ સોસાયટી' સ્થાપી**

ખિલાફત, પંજાબના અત્યાચારો અને અધૂરા મૉન્ટફર્ડ સુધારાને કારણે અસહકારના આંદોલનનો ૧ ઑગસ્ટ, ૧૯૨૦થી આરંભ કરવામાં આવ્યો. ૧૯૨૦ના સપ્ટેમ્બરમાં મળેલી કૉંગ્રેસની બેઠકમાં અસહકારનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. તેમાં સરકારી ખિતાબો, સરકારી શિક્ષણ, સરકારી નોકરીઓ તથા વકીલો દ્વારા અદાલતોનો ત્યાગ, ધારાસભાઓ અને વિદેશી માલનો બહિષ્કાર તથા દારૂબંધી અને અસ્પૃશ્યતાનિવારણ સાથે ખાદી અને રેંટિયાને અપનાવી સ્વદેશી માલ વાપરવાનો અનુરોધ કરવામાં આવ્યો. ગુજરાતમાં પણ આ કાર્યક્રમો ચાલતા હતા.

૧૮ ઑક્ટોબર, ૧૯૨૦ના રોજ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપવામાં આવી. અમદાવાદની મૉડેલ હાઈસ્કૂલ, પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ અને સિટી હાઈસ્કૂલ; આણંદની ડી. એન. હાઈસ્કૂલ, ભરૂચની યુનિયન હાઈસ્કૂલ, સૂરતની સિટી હાઈસ્કૂલ અને ગોધરાની ન્યૂ હાઈસ્કૂલે સરકાર સાથેનો સંબંધ તોડી નાખ્યો. વડોદરા, રાજકોટ, ભાવનગર, વઢવાણ અને ધ્રાંગધ્રા રાજ્યોમાં પણ સરકારી કેળવણીનો બહિષ્કાર થયો. અમદાવાદ, સૂરત અને વડોદરાની કૉલેજોના કેટલાક અધ્યાપકોએ રાજીનામાં આપ્યાં. ગુજરાત કૉલેજના ૩૫ વિદ્યાર્થીઓએ કૉલેજનો ત્યાગ કર્યો. સૂરતની હાઈસ્કૂલોના ૮૯૦ વિદ્યાર્થીઓએ હાઈસ્કૂલો છોડી.

અમદાવાદમાં વલ્લભભાઈ પટેલ, કૃષ્ણલાલ દેસાઈ, ગ. વા. માવળંકર, કાલિદાસ ઝવેરી સહિત નડિયાદ, ગોધરા, સૂરત અને મોડાસાના વકીલોએ વકીલાતનો ત્યાગ કર્યો. ગાંધીજીએ 'કૈસરે હિંદ'નો સુવર્ણપદક વાઇસરૉયને પરત કર્યો. ખેડા, સૂરત અને પંચમહાલ જિલ્લાના અનેક તલાટીઓએ રાજીનામાં આપ્યાં. વિદેશી કાપડની દુકાનો પર સ્વયંસેવિકાઓએ પિકેટિંગ કર્યું અને વિદેશી કાપડની હોળી કરવામાં આવી. ૧૯૨૧માં ગાંધીજીએ 'એક વર્ષમાં સ્વરાજ'નો નાદ દેશભરમાં ફેલાવ્યો. ડિસેમ્બર, ૧૯૨૧માં અમદાવાદમાં ભરાનાર કૉંગ્રેસના અધિવેશનની સ્વાગત સમિતિના અધ્યક્ષ વલ્લભભાઈ પટેલ હતા. તેમાં સવિનય કાનૂનભંગનો ઠરાવ કરવામાં આવ્યો. અને બારડોલી તાલુકામાં નાકરની લડત શરૂ કરવાનું ઠરાવ્યું. આ દરમિયાન ઢસાના દરબાર ગોપાળદાસ અંબાઈદાસ દેસાઈએ ગાદીત્યાગ કરીને દેશભક્તિનું અનુપમ ઉદાહરણ પૂરું પાડ્યું. સૂરત જિલ્લાના નેતાઓ દયાળજીભાઈ, કલ્યાણજી મહેતા તથા પરાગજીભાઈએ અને ભરૂચના ડૉ. ચંદુલાલ દેસાઈ(છોટે સરદાર)એ પોતાની સમગ્ર મિલકત દેશને અર્પણ કરી. ખાદીના પ્રચારમાં સ્ત્રીઓ, જ્ઞાતિપંચો, સાધુસંતો અને ધર્મગુરુઓએ ભાગ લીધો. દારૂનિષેધ માટે સ્ત્રીઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ પિકેટિંગ કર્યું. તેમાં સમાજના બધા વર્ગોએ સહકાર આપ્યો. અમદાવાદ, નડિયાદ, સૂરત, જંબુસર અને બોરસદની મ્યુનિસિપાલિટીઓએ રાષ્ટ્રીય શિક્ષણના ઠરાવો કર્યા. હિંદુ-મુસ્લિમ એકતા અને અસ્પૃશ્યતાનિવારણના ક્ષેત્રે ગુજરાતમાં નોંધપાત્ર પ્રગતિ સધાઈ. ટિળક સ્વરાજ ફાળામાં દેશી રાજ્યો સહિતના ગુજરાતે રૂ. ૧૫ લાખનો ફાળો આપ્યો; પરંતુ મુંબઈ અને ચૌરીચૌરામાં થયેલી હિંસાના કારણે આ ચળવળ બંધ કરવામાં આવી.



૧૩ એપ્રિલ, ૧૯૨૩ના રોજ નાગપુરમાં સિવિલ લાઇન્સમાં ધ્વજ સહિતના સરઘસને પ્રવેશવા ન દેતાં, શરૂ થયેલા ઝંડા સત્યાગ્રહની આગેવાની વલ્લભભાઈ પટેલે લીધી. તેમાં મોહનલાલ પંડ્યા, પરીક્ષિતલાલ મજમુદાર, સૂરતના ડૉ. ઘિયા, ભરૂચના ડૉ. ચંદુલાલ દેસાઈની આગેવાની હેઠળ ગુજરાતના સત્યાગ્રહીઓની ટુકડીઓએ ધરપકડ વહોરી જેલવાસ વેઠ્યો.

બોરસદ તાલુકામાં બહારવટિયાઓને પકડવામાં નિષ્ફળ ગયેલી સરકારે ત્યાં મૂકેલી વધારાની પોલીસનો ખર્ચ વસૂલ કરવા લોકો ઉપર નાખેલા વધારાના કર સામે લડત આપવા દરબાર ગોપાળદાસના પ્રમુખપદે સંગ્રામ સમિતિ રચાઈ. લોકોએ અન્યાયી કર નહિ ભરવાની પ્રતિજ્ઞા કરી અને એ માટે મોહનલાલ પંડ્યા, રવિશંકર મહારાજ તથા વલ્લભભાઈ પટેલે લોકોને અણનમ રાખ્યા. અમલદારોએ જપ્તીઓ દરમિયાન દમન કર્યું. છેવટે મુંબઈ ઇલાકાના ગૃહમંત્રીની ભલામણ મુજબ વધારાનો કર પાછો આપવાનું નિવેદન કરવામાં આવતાં, બોરસદ સત્યાગ્રહમાં પ્રજાનો વિજય થયો.

૧૯૨૮માં બારડોલી તાલુકામાં સરકારે મહેસૂલમાં ૨૫ ટકાનો વધારો કર્યો અને ૨૩ ગામોને ઉપલા વર્ગમાં ચડાવ્યાં. એટલે આખા તાલુકાનું મહેસૂલ ૩૦ ટકા વધી ગયું. તાલુકાના આગેવાનો કલ્યાણજી મહેતા અને કુંવરજીભાઈની વિનંતીથી વલ્લભભાઈ પટેલે સત્યાગ્રહની સરદારી સંભાળી. તેમની સૂચના મુજબ ડૉ. ચંદુલાલ દેસાઈ, રવિશંકર મહારાજ, મોહનલાલ પંડ્યા, ફૂલચંદ શાહ, બળવંતરાય મહેતા, ડૉ. ઘિયા, ડૉ. સુમન્ત મહેતા અને તેમનાં પત્ની શારદાબહેને આવીને જુદી જુદી છાવણીઓ સંભાળી લીધી. અબ્બાસ તૈયબજી અને ઇમામસાહેબે તાલુકાના મુસલમાનોને માર્ગદર્શન આપ્યું. વલ્લભભાઈએ તેમનાં જુસ્સાદાર ભાષણો દ્વારા લોકોમાં શૂરાતન સીંચ્યું. જમીનો ખાલસા અને મિલકતો જપ્ત થવા છતાં ખેડૂતોએ ખમીર જાળવી રાખ્યું. સમસ્ત દેશમાં લોકોએ 'બારડોલી દિન' ઊજવીને બારડોલી તાલુકાના ખેડૂતો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી. ગવર્નરની કાઉન્સિલના સભ્ય સર ચૂનીલાલ મહેતાના પ્રયાસોથી જપ્ત થયેલી જમીનો પાછી આપવી, સત્યાગ્રહી કેદીઓને મુક્ત કરવા, બરતરફ તલાટીઓને નોકરીમાં લેવા તથા તપાસ સમિતિ નિમાય તે પછી મહેસૂલ ભરવું એ રીતે સમાધાન થયું. ખેડૂતોનો જ્વલંત વિજય થયો. આ લડતમાં સફળ નેતૃત્વ કરવા બદલ વલ્લભભાઈ પટેલને 'સરદાર'નો ખિતાબ લોકો તરફથી મળ્યો. તપાસ સમિતિએ સૂચવેલ મહેસૂલથી ખેડૂતોને લાભ થયો.

૧૯૨૯માં લાહોરમાં મળેલા કૉંગ્રેસના અધિવેશને સંપૂર્ણ સ્વતંત્રતાનો ઠરાવ કર્યો. તે મુજબ ૨૬ જાન્યુઆરી, ૧૯૩૦નો દિવસ દેશમાં સૌપ્રથમ વાર સ્વાતંત્ર્યદિન તરીકે ઊજવાયો. ૧૨ માર્ચ, ૧૯૩૦ના રોજ ગાંધીજીએ પોતાના ૭૮ સાથીઓ સહિત સાબરમતી આશ્રમથી દાંડીકૂચ કરી. દરરોજ સાંજે જુદા જુદા ગામે ભરાતી સભામાં ગાંધીજી દારૂબંધી, અસ્પૃશ્યતાનિવારણ અને ખાદીના પ્રચાર સાથે સરકારી નોકરીનો ત્યાગ કરવાનો બોધ આપતા. ૬ એપ્રિલે દાંડીના દરિયાકાંઠે ચપટી મીઠું ઉપાડી ગાંધીજીએ મીઠાનો કાયદો તોડ્યો. તે પછી સમગ્ર દેશમાં સવિનય કાનૂનભંગ શરૂ થયો. ૫ મેના રોજ ગાંધીજીની ધરપકડ થઈ. સૂરત જિલ્લાના ધરાસણામાં ઇમામસાહેબના નેતૃત્વ હેઠળ મીઠાના અગરો પર ધાડ પાડવા ગયેલા સત્યાગ્રહીઓ ઉપર નિર્દયતાથી લાઠીમાર કરવામાં આવ્યો તેની દેશવિદેશનાં વર્તમાનપત્રોએ નોંધ લીધી. બારડોલી અને બોરસદ તાલુકામાં નાકરની લડત ચાલી. બારડોલી તાલુકાનાં ચાર હજાર ખેડૂત કુટુંબોએ પાંચ મહિના સુધી હિજરત કરી. ચરોતરના રાસ ગામના ખેડૂતોએ મહેસૂલ ન ભર્યું અને હિજરત કરી નાકરની લડતને સફળ બનાવી. ધોલેરા અને વીરમગામ પણ મીઠાના કાયદાભંગનાં કેન્દ્રો બન્યાં. ગાંધી-અર્વિન કરાર (માર્ચ, ૧૯૩૧) બાદ લંડનમાં બીજી ગોળમેજી પરિષદમાંથી ગાંધીજી પાછા ફર્યા બાદ ૧૯૩૨માં કૉંગ્રેસના નેતાઓની ધરપકડ થતાં લોકોએ બમણા વેગથી લડત આરંભી. ગુજરાતમાંથી હજારો સત્યાગ્રહીઓ જેલમાં ગયા. લોકોએ ચળવળ ચાલુ રાખી અને સરકારના દમનનો ભોગ બન્યા. ઑગસ્ટ, ૧૯૩૨માં કોમી ચુકાદો જાહેર થતાં ગાંધીજીએ તેના વિરોધમાં ઉપવાસ કર્યા અને હરિજનોને હિંદુઓથી અલગ ગણાતા અટકાવ્યા, તે પછી દેશભરમાં અછૂતોદ્ધારની પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી.



**લીંબડીના સરદારસિંહ રાણા તથા માદામ ભિખાઈજી કામા પૅરિસમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓનો પ્રચાર કરતાં**

**અમદાવાદમાં મગનભાઈ ચતુરભાઈ પટેલે ઑક્ટોબર, ૧૯૧૬માં એની બેસન્ટની હોમરૂલ લીગની શાખા સ્થાપી.**

૧૯૩૮-૩૯નાં વર્ષો દરમિયાન ગુજરાતનાં દેશી રાજ્યોમાં પ્રજામંડળો સ્થપાયાં. લીંબડીમાં ૨૪ ડિસેમ્બર, ૧૯૩૮ના રોજ રસિકલાલ પરીખે પ્રજામંડળની સ્થાપના કરી. ત્યાંના દરબારે પ્રજામંડળના કાર્યકરો સામે જુલમ કરીને ભયનું વાતાવરણ ફેલાવ્યું. એનાથી ત્રાસીને ૧૩૦૦૦ માણસોએ હિજરત કરી. તે દરમિયાન વૃદ્ધ રાજાનું અને યુવરાજનું અવસાન થતાં અંગ્રેજ વહીવટદાર નિકલસન સાથે સમાધાન કરી, લડત બંધ કરવામાં આવી. આ દરમિયાન વડોદરા રાજ્યમાં પ્રજામંડળ દ્વારા ૧૯૪૦માં જવાબદાર પ્રધાનમંડળ રચવામાં આવ્યું. સૌરાષ્ટ્રમાં કાઠિયાવાડ રાજકીય પરિષદ સ્થપાયા બાદ ખાખરેચી, મોરબી, ધ્રાંગધ્રા, વણોદ, જામનગર, પાલિતાણા, વળા તથા રાજકોટ મુકામે સત્યાગ્રહ થવાથી લોકોમાં નવીન ચેતનાનો સંચાર થયો.

ભારતના લોકોની સંમતિ વિના ભારતને બીજા વિશ્વયુદ્ધમાં જોડાયેલ દેશ તરીકે જાહેર કરવાના સરકારના પગલા વિરુદ્ધ પ્રાંતોમાંથી કાગ્રેસી પ્રધાનમંડળોએ નવેમ્બર, ૧૯૩૯માં રાજીનામાં આપ્યાં. રામગઢ કૉંગ્રેસના ઠરાવ મુજબ યુદ્ધના વિરોધનો પ્રચાર કરવા વ્યક્તિગત સત્યાગ્રહ કરવા માટે ગાંધીજીએ પ્રથમ સત્યાગ્રહી તરીકે વિનોબા ભાવેને પસંદ કર્યા. વિનોબાએ ૧૭ ઑક્ટોબર, ૧૯૪૦ના રોજ પવનાર ગામે યુદ્ધવિરોધી પ્રવચન કરી સત્યાગ્રહનો આરંભ કર્યો. ગુજરાતમાં સરદાર પટેલ, મોરારજી દેસાઈ, ભરૂચના ડૉ. ચંદુલાલ દેસાઈ તથા સૂરતના કનૈયાલાલ દેસાઈની તેઓ સત્યાગ્રહ કરે તે પહેલાં ધરપકડ કરવામાં આવી. ૩ માર્ચ, ૧૯૪૧ સુધીમાં ૨૯૬ સત્યાગ્રહીઓની ધરપકડ થઈ. આ લડત દરમિયાન નેતાઓની ધરપકડના વિરોધમાં લોકોએ હડતાળો પાડી. શાળા-કૉલેજો, બજારો, મિલો વગેરે બંધ રાખ્યાં તથા ધરપકડોનો વિરોધ કરવા જાહેર સભાઓમાં મોટી સંખ્યામાં હાજરી આપી.

મુંબઈમાં મળેલી કૉંગ્રેસની મહાસમિતિની બેઠકમાં ૧૯૪૨ની ૮મી ઑગસ્ટે ‘હિંદ છોડો’નો ઐતિહાસિક ઠરાવ કરવામાં આવ્યો. ૯ ઑગસ્ટની વહેલી સવારે મુંબઈમાં દેશનેતાઓ સહિત અમદાવાદમાં ગ. વા. માવળંકર, ભોગીલાલ લાલા, અર્જુન લાલા સહિત ૧૭; સૂરતમાં ચંપકલાલ ઘિયા, છોટુભાઈ મારફતિયા સહિત ૪૦; વડોદરામાં છોટુભાઈ સુતરિયા, પ્રાણલાલ મુનશી સહિત ૨૧ તથા પંચમહાલ, ભરૂચ, ખેડા જિલ્લા અને સૌરાષ્ટ્રમાંથી વામનરાવ મુકાદમ, માણેકલાલ ગાંધી, દિનકરરાય દેસાઈ, બળવંતરાય મહેતા, ઉછરંગરાય ઢેબર વગેરે કૉંગ્રેસી નેતાઓની ધરપકડ કરવામાં આવી. ગુજરાતમાં પ્રાંતિક, જિલ્લા અને તાલુકા કૉંગ્રેસ સમિતિઓ ગેરકાયદે જાહેર કરવામાં આવી.

૯ ઑગસ્ટથી અમદાવાદની મિલો, બજારો, શાળાઓ તથા કૉલેજોમાં હડતાળો પડી. અમદાવાદનાં બધાં બજારો તથા અમદાવાદ અને સૂરતની કાપડની મિલોમાં ૧૦૫ દિવસની હડતાળ પડી, જે આખા દેશ માટે અદ્વિતીય ઘટના હતી. ગુજરાતનાં અનેક શહેરો તથા ગામોમાં હડતાળો પડી. ૯મીએ અમદાવાદમાં ખાડિયામાં થયેલા ગોળીબારમાં ઉમાકાંત કડિયા મરણ પામ્યો. લૉ કૉલેજથી નીકળેલું વિદ્યાર્થીઓનું સરઘસ ગુજરાત કૉલેજમાં પ્રવેશતાં વિનોદ કિનારીવાલા સામી છાતીએ, ગોળીબારથી શહીદ થયો. વિદ્યાર્થીઓ સભા-સરઘસોમાં જોડાતા, તાર-ટેલિફોનનાં દોરડાં કાપતા, પત્રિકાઓ વહેંચતા, રસ્તામાં અંતરાયો મૂકતા તથા પોલીસો ઉપર પથ્થરમારો કરતા. વડોદરાથી ૩૪ વિદ્યાર્થીઓ આણંદ પાસેનાં ગામોમાં લડતનો પ્રચાર કરીને પાછા ફરતા હતા ત્યારે, ૧૮ ઑગસ્ટની સાંજે અડાસ સ્ટેશન પાસે પોલીસે તેમના ઉપર ગોળીબાર કરવાથી, ત્રણ જણ તરત અને બે જણ પાછળથી મરણ પામ્યા અને કેટલાકને ગંભીર ઈજાઓ થઈ. અમદાવાદ, વડોદરા, સૂરત, ભાવનગર, મહેસાણા સહિત અનેક સ્થળે સરઘસોમાંથી અનેક માણસોની ધરપકડો કરવામાં આવી. ગુજરાતમાં અનેક સ્થળેથી પ્રગટ થતી ગુપ્ત પત્રિકાઓમાં ચળવળના સમાચાર તથા કાર્યક્રમ આપવામાં આવતો. ગાંધીજી ગુપ્ત પ્રવૃત્તિના વિરોધી હોવા છતાં અમદાવાદમાં બી. કે. મજમુદાર, જયંતી ઠાકોર, કાંતિલાલ ઘિયાએ; ભરૂચ જિલ્લામાં છોટુભાઈ પુરાણીએ તથા સૌરાષ્ટ્રમાં રતુભાઈ અદાણીએ ગુપ્ત સંગઠન સાધી, અચ્યુત પટવર્ધનનું માર્ગદર્શન મેળવી ભાંગફોડની પ્રવૃત્તિની યોજના ઘડી. અમદાવાદમાં ‘આઝાદ સરકાર’ની રચના કરી. ‘જયાનંદ’ નામથી જયંતી ઠાકોરને શહેરસૂબા બનાવવામાં આવ્યા. બી. કે. મજમુદાર શ્રીમંતો પાસેથી નાણાં મેળવી આપતા. ઉપરાંત ફાળો કરીને કે લૂંટ દ્વારા નાણાં મેળવી હથિયારો ખરીદવાં, બૉમ્બ બનાવવા તથા ગુપ્તવાસ સેવનારાના નિભાવાર્થે તેનો ઉપયોગ થતો.

અમદાવાદ મ્યુનિસિપાલિટીએ 'હિંદ છોડો' ઠરાવને ટેકો આપ્યો, કચેરીઓ બંધ રાખી, સરકારના જુલમને વખોડી કાઢવાથી સરકારે સુધરાઈને બરતરફ કરી. કર્મચારીઓની હડતાળને કારણે કલેક્ટરે રાષ્ટ્રીય ધ્વજ ચડાવવાની પરવાનગી આપી, તે કર્મચારીઓનો જ્વલંત વિજય હતો. સરકારે સૂરત, વલસાડ, નડિયાદ અને ખેડાની સુધરાઈઓ તથા પંચમહાલ, સૂરત અને ખેડા જિલ્લા લોકલ બૉર્ડ તથા સ્કૂલ બૉર્ડનો વહીવટ સંભાળી લીધો.

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ૧૯૧૫માં ભારત આવ્યા, અમદાવાદમાં કોચરબમાં સત્યાગ્રહાશ્રમની સ્થાપના કરી.


બારડોલી સત્યાગ્રહમાં સફળ નેતૃત્વ બદલ વલ્લભભાઈ પટેલને 'સરદાર'નો ખિતાબ લોકો તરફથી મળ્યો.

કિશોરલાલ મશરૂવાળાએ ૨૩ ઑગસ્ટના 'હરિજન'ના અંકમાં ભાંગફોડની પરવાનગી આપતું લખાણ પ્રગટ કર્યું. તેની લાખો પત્રિકાઓ સમગ્ર દેશમાં વહેંચવામાં આવી. તે મુજબ ગુજરાતમાં અનેક સ્થળે તાર-ટેલિફોનનાં દોરડાં કાપવામાં આવ્યાં. પોલીસ પાર્ટી, પોલીસવાન, પોલીસ ચોકીઓ, પોસ્ટ ઑફિસો અને હડતાળ ન પાડતી દુકાનો પર પથ્થરમારો કરવામાં આવ્યો. પોળોમાં ઘૂસીને મારતા પોલીસો પર ઍસિડ ભરેલા બલ્બ નાખી, તેમને પોળોમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા. અમદાવાદમાં સરકારી કચેરીઓ, પોલીસ ચોકીઓ, સુધરાઈની શાળાઓને લોકોએ આગ લગાડી. સૂરત જિલ્લાનાં અનેક ગામોના ચૉરા, જલાલપુર તાલુકાની ૧૯ પોસ્ટ ઑફિસો, ગોધરામાં શાળામંડળની કચેરી અને કેટલાંક ગામોના ચૉરાને આગ લગાડી દફતરો બાળવામાં આવ્યાં. ખેડા જિલ્લામાં પિજ ગામના વિઠ્ઠલભાઈ પટેલ સહિત યુવાનોએ ટપાલના થેલા લૂંટ્યા, તાર-ટેલિફોનનાં દોરડાં કાપ્યાં, રેલવેની ફિશ-પ્લેટો કાઢી કેટલાંક ગામોના ચૉરાઓને આગ લગાડી. નડિયાદમાં ચંપકલાલ શાહની આગેવાની હેઠળ યુવાનોએ આવકવેરા કચેરીનું દફતર બાળી નાખ્યું.

અમદાવાદમાં વિવિધ જૂથોએ બૉમ્બ બનાવી અરાજકતા ફેલાવવા પોલીસ ચોકીઓ, પોસ્ટ ઑફિસો તથા સરકારી કચેરીઓ પર બૉમ્બ નાખ્યા. શહેરસૂબાની સૂચનાથી ગોવિંદભાઈ શિણોલ સૌરાષ્ટ્રમાંથી દારૂગોળો, રિવૉલ્વરો અને કારતૂસો ખરીદી લાવ્યા. પોલીસ ચોકી ઉપર નાખવા લઈ જતાં બૉમ્બ ફૂટવાથી નારણભાઈ પટેલ અને નાનજી પટેલ મરણ પામ્યા. રાયપુર, પીપરડીની પોળમાં રાસાયણિક બૉમ્બ બનાવતાં ધડાકો થવાથી નંદલાલ જોશી અને નરહરિ રાવળ મરણ પામ્યા. જમાલપુરમાં રસાયણોનું મિશ્રણ કરતાં ધડાકો થવાથી પી. કે. ચૌધરી અને શાંતિલાલ પટેલને ગંભીર ઈજાઓ થઈ. મનહર રાવળ, રામપ્રસાદ શાહ, બાલમુકુન્દ આચાર્ય વગેરે યુવાનોએ મિલો ખૂલે નહિ તે માટે ૨૨ નવેમ્બર, ૧૯૪૨ની સાંજે પાંચ ઇલેક્ટ્રિક સબસ્ટેશનમાં ૧૬ બૉમ્બ મૂક્યા. તેના ધડાકાથી અમદાવાદમાં અંધકાર થયો. પરંતુ એક જ કલાકમાં વીજળી ચાલુ થતાં યોજના નિષ્ફળ ગઈ. મામુનાયકની પોળમાં રાસાયણિક બૉમ્બ બનાવતાં ગોવિંદલાલ પટેલ અને બાબુલાલ શંકરલાલને ઈજાઓ થઈ. સૂરત જિલ્લામાં બૉમ્બ ફૂટવાના અને આગના બનાવો બન્યા. જલાલપુર તાલુકામાં ૩૦ ગામોના તલાટીઓનાં અને ૪૦ ગામોની શાળાઓનાં દફતરો બાળી નાખવામાં આવ્યાં. ચીખલી, વડોદરા, મહેસાણા, સિદ્ધપુર, શિનોર તથા પંચમહાલ જિલ્લામાં મોરખલા, ઝાલોદ, વેજલપુર, અંબાલી અને હાલોલમાં બૉમ્બ ફૂટ્યા હતા. છોટુભાઈ પુરાણીએ પ્રકટ કરેલી 'ગેરીલા વૉરફેર' પુસ્તિકા મુજબ બૉમ્બ બનાવવામાં આવ્યા. ભરૂચ, નડિયાદ, ખેડા અને બોરસદમાં પણ બૉમ્બ ફૂટવાના બનાવો બન્યા. રાજકોટ, બોટાદ, જોરાવરનગર અને વાંકાનેરમાં બનાવેલા બૉમ્બના સૌરાષ્ટ્રમાં ધડાકા થયા હતા.

અમદાવાદમાં માદલપુર તથા કોચરબના ચૉરા તથા પંચમહાલ જિલ્લાનાં બોડીદરા, વાઘજીપુરા અને કુવાજર ગામોમાં લૂંટ કરવામાં આવી. હાલોલ તાલુકાના અંબાલી અને ભરૂચ જિલ્લાનાં વેડચ તથા સરભોણ પોલીસ સ્ટેશનો પર ચંદ્રશંકર ભટ્ટ, છોટુભાઈ પુરાણી, ગુણવંત પુરોહિત, જશવંત મહેતા વગેરેએ હુમલા કરી બંદૂકો, કારતૂસો વગેરેની લૂંટ કરી. ચંદ્રશંકર ભટ્ટ અને સાથીઓએ સૌરાષ્ટ્રમાં લખતર પાસે ટ્રેન અટકાવી સરકારી તિજોરીમાંથી એક લાખ રૂપિયાની લૂંટ કરી. ખેડા જિલ્લામાં યુવાનોએ ટપાલના થેલામાંથી નાણાં લૂંટ્યાં. આ બધાં નાણાંનો ઉપયોગ લડત માટે કરવામાં આવ્યો. કરાડી પાસે ગોંસાઈભાઈ પટેલે પોલીસની રાઇફલ ખૂંચવી લઈ કેદી ડાહ્યાભાઈ કેસરીને છોડાવ્યા. ઉત્તર ગુજરાતમાં સઈજ ગામમાં પોલીસ ગોળીબારથી ઉશ્કેરાયેલા લોકોએ ચૉરાને આગ લગાડી તથા ચૉરામાંથી નાસતા ચાર પોલીસો ને ફોજદારને મારી નાખ્યા. વડોદરા રાજ્યના ચોરંદા ગામે અંબાલાલ ગાંધીના નેતૃત્વ હેઠળ લોકોએ રેલના પાટા ઉખાડી નાખ્યા. બારડોલી તાલુકાના લોકોએ બારડોલીથી ગંગાધરા સુધીના રેલના પાટા ઉખાડી, પુલોની ભાંગફોડ કરી. ઉત્તર ગુજરાતમાં કલોલ પાસે તથા સૌરાષ્ટ્રમાં વઢવાણ પાસે રેલવેની ફિશ-પ્લેટો કાઢી નાખવાથી માલગાડીના ડબા ઊથલી પડ્યા. આ રીતે 'હિંદ છોડો' ચળવળ દરમિયાન ગુજરાતમાં વ્યાપક પ્રમાણમાં ભાંગફોડની પ્રવૃત્તિઓ ચાલી હતી.

બીજું વિશ્વયુદ્ધ પૂરું થયા બાદ કેબિનેટ મિશન યોજના અનુસાર ૧૯૪૬માં વચગાળાની સરકાર રચવામાં આવી. લૉર્ડ માઉન્ટબેટન ગવર્નર-જનરલ તરીકે આવ્યા, તેમની ૩ જૂન, ૧૯૪૭ની યોજના મુજબ દેશનું વિભાજન કરવાનું નક્કી થયું. ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારત સ્વતંત્ર થયું.


કોચરબ આશ્રમ

(Sources & Photo Courtesy : https://gujarativishwakosh.org, https://etimg.etb2bimg.com, https://upload.wikimedia.org, https://newsroomodisha.com)